**BRAMPTON**

**Media Release**

ત્વરિત જાહેરાત માટે

## સિટી ઓફ બ્રૅમ્પટન પર્યટન અને સ્થાનિક ઘટનાઓને સમર્થન આપવા માટે અનુદાન અરજીઓ સ્વીકારવાનું શરૂ કરી રહ્યા છે

બ્રૅમ્પટન, ઓન્ટારિયો (25 નવેમ્બર 2021) – આજથી સીટી ઓફ બ્રૅમ્પટન બે સામુદાયિક કાર્યો માટે અરજીઓ સ્વીકારવી શરૂ કરી રહ્યા છે, એક સ્થાનિક તહેવારોના સમર્થનમાં અને બીજી ખેલકૂદ પર્યટન પહેલોના સમર્થનમાં. આ રોકાણોથી સ્થાનિક સમુદાયોને અને અને અર્થતંત્રને મદદ મળશે જેથી COVID-19માંથી ફરી બહાર નીકળી શકીએ.

**ખેલકૂદ પર્યટન હોસ્ટિંગ પ્રોગ્રામ**

.ખેલકૂદ પર્યટન કાર્યક્રમો શહેર નિર્માણમાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે, સ્થાનિક અર્થતંત્ર, સમુદાય વિકાસ અને નાગરિક ગૌરવ પર સકારાત્મક અસર ઊભી કરે છે. બ્રૅમ્પટનમાં યોજાતા સ્થાનિક રમત-ગમત પર્યટન ઈવેન્ટ્સ જે પ્રવાસીઓની મુલાકાત અને આર્થિક સમૃદ્ધિમાં વધારો કરતા હોય તેમને સ્પોર્ટ ટુરિઝમ હોસ્ટિંગ પ્રોગ્રામ (STHP) ઈવેન્ટ દીઠ $50,000 જેટલી નાણાકીય સહાય પ્રદાન કરે છે.

અરજી કરવાની પાત્રતા માટે ઈવેન્ટની સંસ્થાઓની નોંધણી નફા-માટે-નહીં સંસ્થાઓ તરીકે થયેલી હોવી જોઇએ, ઈવેન્ટનું આયોજન 2022 કેલેન્ડર વર્ષ દરમિયાન બ્રૅમ્પટન ખાતે કરવાનું રહેશે, અને સંસ્થાઓ વર્ષ દીઠ વધુમાં વધુ બે ખેલકૂદ પર્યટનના ઈવેન્ટ્સ માટે અરજી કરી શકશે. અરજીઓ સ્વીકારવાની છેલ્લી તારીખ 07 જાન્યુઆરી 2022 છે.

**માર્કિ ફેસ્ટિવલ્સ એન્ડ ઈવેન્ટ્સ ફંડ**

માર્કિ ફેસ્ટિવલ્સ એન્ડ ઈવેન્ટ્સ ફંડ (MFE) બ્રૅમ્પટનના સુસ્થાપિત તહેવારો અને ઈવેન્ટ્સને નાણાકીય સહાય પ્રદાન કરશે જે સહયોગ, કલ્ચર માસ્ટર પ્લાનના લક્ષ્યો અને કાર્યોને પ્રાથમિકતા આપતા હોય અને કાઉન્સિલ પ્રાથમિકતાઓ સાથે સંરેખિત થઈને બ્રૅમ્પટનની ઓળખ ઊભી કરવામાં યોગદાન આપતા હોય.

પાત્રતા ધરાવતા અરજદારો કૅલેન્ડર વર્ષ દરમિયાન ફક્ત એક વખત મહત્તમ $60,000 જેટલી રકમ પ્રાપ્ત કરી શકે જે પાત્ર ખર્ચના 50% જેટલું ભંડોળ હોય. 2022માં થનાર ઈવેન્ટ્સ માટેની અરજીઓ 07 જાન્યુઆરી 2022 સુધી સ્વીકારવામાં આવી રહી છે.

**અરજી કરવામાં રસ છે?**

બન્ને બાબતો માટે એટલેકે સ્પોર્ટ ટુરિઝમ હોસ્ટિંગ પ્રોગ્રામ અને માર્કિ ફેસ્ટિવલ્સ એન્ડ ઈવેન્ટ્સ ફંડની પાત્રતા અને અરજી અંગેની માહિતી માટે brampton.ca/communitygrantsની મુલાકાત લો.

BRAMPTON

**Media Release**

**સુવાક્યો**

આપણે જ્યારે COVID-19ની મહામારીમાંથી બહાર નીકળી રહ્યા છીએ ત્યારે આપણે એવા પ્રસંગોને સમર્થન આપીએ તે અગત્યનું છે જે બ્રૅમ્પટનના મોઝેકને વધાવી લતા હોય અને આપનને સહુને એકમેકની નજીક લાવતા હોય. બ્રૅમ્પટન તકોનું શહેર છે અને હું આ રૂબરૂ થવાના આપણા સમાજને વધાવી લેતા ઈવેન્ટ્સ ફરી એક વખત આવતે વર્ષે થાય તે માટે ઉત્સુક છું, એટલે જ આ પ્રસંગો વિશેષ છે.

– *પૅટ્રિક બ્રાઉન, મેયર, સીટી ઑફ બ્રૅમ્પટન*

"સ્પોર્ટ ટુરિઝમ હોસ્ટિંગ પ્રોગ્રામ અને માર્કિ ફેસ્ટિવલ્સ એન્ડ ઈવેન્ટ્સ ફંડ માટેની અરજીઓનો બીજો રાઉન્ડ ખુલ્લો થાય છે તેનો મને આનંદ છે. ભંડોળના આવા પ્રવાહો મારફત બ્રૅમ્પટનને ઈવેન્ટ્સને સમર્થન આપતા ગૌરવની લાગણી થાય છે કેમકે તે આપણા સમુદાયને મજબૂત બનાવે છે, આપણી સંસ્કૃતિને વધાવી લે છે અને શહેરને આર્થિક સમૃદ્ધિ બક્ષે છે."

– *હરકિરત સિંઘ, સિટી કાઉન્સિલર, વૉર્ડ 9અને 10, પ્રમુખ, કોર્પોરેટ સર્વિસિસ, સીટી ઑફ બ્રૅમ્પટન*

"સીટી ઑફ બ્રૅમ્પટન આર્થિક વિકાસ અને સામાજિક ગતિશીલતાને ટેકો આપતી ઘટનાઓને ચાલુ રહેલા સમર્થન અને પ્રચાર માટે સમર્પિત છે. બ્રૅમ્પટન તકોનું શહેર છે અને આ ભંડોળના પ્રવાહ સમુદાય પ્રત્યેની અમારી પ્રતિબદ્ધતા અને અમારી COVID-19 માંથી થયેલ સામૂહિક રિકવરી દર્શાવે છે."

– *ડેવિડ બારિક, ચીફ એડમિનિસ્ટ્રેટિવ ઑફિસર (David Barrick, Chief Administrative Officer), સિટી ઑફ બ્રૅમ્પટન*

-30-

**કૅનેડાના સૌથી ઝડપી વિકાસ કરતા શહેરો પૈકી એક તરીકે બ્રૅમ્પટનમાં 7,00,000 લોકો વસે છે અને તેમાં 75,000 વ્યવસાયો છે.** અમે જે કઈ કરીએ છીએ તેનો હાર્દ છે લોકો. અમને ઊર્જા મળે છે અમારા વિવિધ સમાજોમાંથી, અમે રોકાણ માટે આકર્ષણનું કેન્દ્ર છીએ અને અમે તકનિકી અને પર્યાવરણીય નવિનતા તરફ દોરી જતી યાત્રાનું નેતૃત્વ કરીએ છીએ. અમારી ભાગીદારી એવા નિરોગી શહેરના વિકાસ માટે છે જે સુરક્ષિત, ટકાઉ અને સફળ હોય. અમારી સાથે Twitter, Facebook, અને Instagramપર જોડાવ. વધુ જાણવા માટે www.brampton.ca.


**મિડિયા સંપર્ક :**
મોનિકા દુગ્ગલ (Monika Duggal)
કોઓર્ડિનેટર, મિડિયા એન્ડ કમ્યુનિટી ઍંગેજમેન્ટ (Media and Community Engagement)
વ્યૂહાત્મક સંવાદ (Strategic Communication)
સીટી ઑફ બ્રૅમ્પટન
905-874-3426 | Monika.Duggal@brampton.ca